# વાવોલ બાયપાસ માર્ગ પર ખાડા-ખાબોચિયાંનુ સામ્રાજય

## નવા બની રહેલા આરસીસી રોડ પહેલાં ખાડા પુરવા જરૂરી બિસ્માર રસ્તાઓથી વાહનચાલકો અને સ્થાનિકો પરેશાન

ગાંધીનગર, તા.૨૬

એક સાંધોને તેર તુટે તેવી સ્થિતિ છેલ્લાં કેટલાંક સમયથી સમગ્ર વાવોલ વિસ્તારની છે. વાવોલ બાયપાસ માર્ગ પર કલોલ રોડ તથા ઉવારસદ રોડને જોડતા એપ્રોચ માર્ગ પર સરબા વારંવાર તુટી જતો હોવાથી તેને હવે આરસીસી રોડ બનાવવાનું કામ પણ લાંબા સમયથી ચાલી રહ્યું છે જેથી એક તરફનો માર્ગ જ ચાલુ છે. આ માર્ગ પર સરબા પેટ્રોલપંપ પાસેના ચાર રસ્તાએ મસમોટા ખાડા લાંબા સમયથી છે જે હવે વરસાદી



પેટ્રોલપંપ પાસે ચાર રસ્તા નજીક લાંબા સમયથી પડેલા મોટા ખાડાઓમાં વરસાદી પાણીના ભરાવાને કારણે મીની તળાવ જેવી સ્થિતિ સર્જાઇ છે. આ કારણે અહીંથી પસાર થતાં જીઆઇડીસીના ભારે લોડીંગ વાહનો સહિત અન્ય વાહનચાલકો અને આસપાસના વિસ્તારના વસાહતીઓને ખૂબ જ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં હજુ પણ પાયાની સુવિધાઓ પ્રત્યે જેવી કે રોડ રસ્તા વીજળી પાણી વગેરે માટે આ વિસ્તારના રહીશો પરેશાની ભોગવી રહ્યાં છે. ગાંધીનગરના ‘ક‘ માર્ગ પરથી વાવોલના વસાહતી વિસ્તારને બાયપાસ કરતો માર્ગ છેલ્લાં ઘણા સમયથી વિકસાવાઇ રહ્યો છે પરંતુ હજુ પણ તેનું કામ નજીકના ભવિષ્યમાં પુરુ થશે તેવા કોઈ આસાર દેખાતા નથી અને નીત નવી સમસ્યા સર્જાઇ રહી છે. વાવોલ બાયપાસ માર્ગ પર કલોલ રોડ તથા ઉવારસદ રોડને જોડતા એપ્રોચ માર્ગ પાણીના ભરાવાને કારણે મીની તળાવમાં ફેરવાઇ ગયા છે અને અહીંથી પસાર થવું જીઆઇડીસીના ભારે લોડીંગ વાહનો સહિત અન્ય વાહનચાલકો અને આસપાસના વિસ્તારના વસાહતીઓને માટે ખૂબ જ કપરું બની રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ખાડાઓ પુરી માર્ગને રીપેર કરવા મનપાના વોર્ડ નં.૭ કોલવડા-વાવોલના કોંગ્રેસના અગ્રણી અને ઉમેદવાર દેવેન્દ્રસિંહ ગોલ દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ લેખિત રજુઆત કરવામાં આવી ચુકી છે પરંતુ હજુ સુધી આ બાબતે જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. સત્વરે વાવોલના બિસ્માર રસ્તાઓને કારણે સમગ્ર વિસ્તારમાં વાહન ચાલકો સહિત તમામ નાગરિકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે ત્યારે સત્વરે વાવોલના રસ્તાઓ પરના ખાડાઓને પુરવાની કામગીરી હાથ ધરાય અને વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

# જિલ્લાના પાંચ ગામોમાં ૨ કરોડ ૫૯ લાખથી વધુના ખર્ચે પાણીની ટાંકી અને અન્ય કામો કરવાના કાર્યને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના પાંચ ગામોમાં રૂપિયા ૨ કરોડ ૫૯ લાખથી વધુ રકમ વિવિધ પીવાના પાણીની વ્યવસ્થાના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૨ કરોડ ૫૯ લાખના ખર્ચે ગાંધીનગર તાલુકાના એક, કલોલ તાલુકાના બે અને માણસા તાલુકાના બે મળી કુલ - પાંચ ગામોમાં પાણી સ્ટોરજ અને સપ્લાયના વિકાસ કામો કરવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકાના શેરથા ગામ ખાતે રૂપિયા ૩૭ લાખ ૮૦ હજારથી વધુની કિંમતની બે લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી ટાંકી, ડિસ્ટ્રિબ્યુશન પાઇપાલઇન અને અન્ય કામો કરવામાં આવશે.

માણસા તાલુકામાં વેડા ગામ ખાતે રૂપિયા ૨૮ લાખ ૮૫ હજારથી વધુના ખર્ચે ૫૦ હજાર લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી પાણીની ટાંકી, ૧ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ, ડિસ્ટ્રિબ્યુશન પાઈપલાઈન અને જોબ કનેકશનના કામો કરવામાં આવશે. લોદરા ગામમાં રૂપિયા ૧ કરોડ ૩૮ લાખથી વધુના ખર્ચે ઝોન-૧ થી ૬ ની ડિસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન, રાઇજીગ મેઇનના બે કામ, પપીંગ મશીનરી અને ૯ લાખ લિટરની ક્ષમતાનો ભૂગર્ભ સંપ બનાવવામાં આવશે.

કલોલ તાલુકામાં કોઠા ગામ ખાતે રૂપિયા ૨૨ લાખ ૮૭ હજારના ખર્ચે ૫૦ હજાર લિટરની ક્ષમતાની પાણીની ટાંકી, ૧ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ, પંપિગ મશીનરી અને જોબ કનેકશનના કામો કરવામાં આવશે. તેમજ સોજા ગામમાં રૂપિયા ૩૨ લાખ ૧૭ હજારના ખર્ચે ૧.૫૦ લિટરની ક્ષમતાનો ભૂગર્ભ સંપ, રાઇજીગ મેઇન, પંપિગ મશીનરી અને જોબ કનેકશનનું કામ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબલ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા.૨૫મી જુલાઇ, ૨૦૨૧ અંતિત જુદી-જુદી ગ્રામ સમિતિઓની કુલ-૩૭૩ યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી હાલમાં ૧૨ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે, જયારે ૩૬૧ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

જિલ્લા અને જળ સ્વચ્છતા સમિતિ દ્વારા આગામી ઓગસ્ટ માસથી ગાંધીનગર જિલ્લાની વિવિધ પાણી સમિતિના સભ્યોને ધરોઇ ડેમ અને સતલાસણ નજીક આવેલા ટ્રેટમેન્ટ પ્લાન્ટની મુલાકાતે લઇ જવામાં આવનાર છે. જયાં પાણીને ટ્રીટમેન્ટ અને શહેરોને પીવાનું પાણી આપવામાં આવે છે, તેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

આ બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયા, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના યુનિટ મેનેજર કેતન વી. ચૌધરી અને ડિ.કો.ઓર્ડિનેટર અપેક્ષા પટેલ સહિત સંબંધિત કચેરીના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા જળ વ્યવસ્થાપન સમિતિની આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા સમિતિની બેઠક ૨૮મીને બુધવારે કલેક્ટર કચેરી ખાતે મળશે.
- કલોલના નવ નિયુક્ત તા.વિ. અધિકારી ચાવડાએ આજે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીમાં મહિલા પ્રતિનિધિ તરીકે આરોગ્ય વિભાગના કિલ્પાબેન પટેલ બિનહરિફ બનતા આરોગ્યતંત્રમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આ મંડળીના તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ બિનહરિફ વિજેતા બન્યા છે.
- ગાંધીનગર મનપાના નવનિયુક્ત નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી પૂજાબેન એસ. ચાવડાએ આજે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.
- શ્રમ અને રોજગાર વિભાગના એ.સી.એસ. અંજુ શર્માએ ૬ ઓગષ્ટની સ્વાવલંબન દિવસની ઉજવણીના આયોજન અંગે માર્ગદર્શન આપવા આજે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- રાજ્યમાં જામેલા વરસાદી માહોલને પગલે આજે જાહેર જનતાની મુલાકાતનો દિવસ હોવા છતાં સચિવાલયમાં ખુબ ઓછા મુલાકાતી આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં મેઘરાજાની મહેર થતાં ગ્રામ્ય તળાવોમાં નવા નીરની આવક થઈ છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૨૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરાયુ હતુ. જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ૩૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો અને વાંટડા ગામમાં ૩૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં માસ્ક, ચશ્મા, સ્ટીક, પ્લાસ્ટિક, નેનો હવન કુંડ, છત્રી, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. ગોળ, મીઠુ, બલ્બ, સાબુ જેવી વસ્તુઓનું વિતરણ કરાયુ હતુ. આ કાર્યક્રમમાં મહેશસિંહ વાઘેલા, શૈલેષ વાલ્મીકી, મિલિંદભાઈ, શારદુલ હાજર રહ્યા હતા.



## શહેરના ખ-૧ પાસે મારૂતિ ફ્રન્ટી અને ઈનોવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર આજે સવારના સુમારે ખ-૧ પાસે મારૂતિ ફ્રન્ટી અને ઈનોવા કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં બંન્રે કારને ભારે નુકશાન થવા પામ્યું હતું. જયારે મારૂતિ ચાલક આધેડને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. સાડા દશ વાગ્યાના અરસામાં મારૂતિ કાર સરગાસણ તરફથી આવીને ખ-૧ થી ગ-૨ તરફ વળાંક લઈ રહી હતી તે સમયે મહાત્મા મંદિર થી સરગાસણ તરફ જઈ રહેલી ઈનોવા કાર વચ્ચે અકસ્માત સર્જાતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ઈનોવા કાર ઈલેકટ્રોનીક એન્ડ કવોલીટી ડેવલેપમેન્ટ સેન્ટરની હોવાનું ધ્યાને આવ્યું હતું.

## સે-૧૨ બલરામ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

બલરામ મંદિર સેક્ટર ૧૨ ખાતે માનસ યોગ સેવા ટ્રસ્ટ તથા પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત વૈદિક યજ્ઞ દ્વારા કરવામાં આવી હતી. યોગાચાર્ય કાનજીભાઈ બાવરીનું આદરસહ પૂજન કરવામાં આવ્યું હતું. માનસ યોગ સેવા ટ્રસ્ટ તથા પતંજલી યોગ સમિતિ, ગાંધીનગર સાથે સંકળાયેલા અને નિશુલ્ક યોગ ક્લાસ ચલાવતા ૩૫ જેટલા કર્મઠ યોગ શિક્ષકોનું તથા આ કોરોના મહામારી દરમિયાન કોરોના વોરિયર્સ તરીકે ઉત્તમ કામગીરી કરનાર ૩૦ કોરોના વોરિયર્સનું શાબ્દિક તથા મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# ઉવારસદની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને કબ્જો જમાવતા ૬ શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં જમીનના ભાવ ઉંચકાતા ભુમાફિયા ઓ સક્રિય થઈ ગયા છે. ખેડુતની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે અવનવા પેંતરા રચતા હોય છે. ત્યારે શહેરને અડીને આવેલા ઉવારસદ ગામની સીમમાં સર્વે નં. ૧૫૩૩ થી ૦-૬૮-૮૦ ક્ષેત્રફળની જમીનમાં ૬ શખ્સોએ જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી જમીન ફરતે ફેન્સીંગની વાડ અને ગેટ બનાવી જમીન માલિકનું ખોટુ બોર્ડ પણ લગાડી દેતા ખેડુતે ૬ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નારોલ અમદાવાદ ખાતે રહેતા શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉં.૪૮) પરિવાર સાથે રહે છે અને નારોલ ખાતે પાણી સપ્લાયરનો ધંધો કરે છે. ઉવારસદ ખાતે આવેલી નવા સર્વે નંબર ૧૫૩૩ ની જમીનના માલિક અશોકકુમાર ભલાભાઈ પટેલ, અરૂણકુમાર ભલાભાઈ પટેલ, દક્ષાબેન ભલાભાઈ પટેલ, લલિતાબેન પટેલ, હંસાબેન પટેલ નો સમાવેશ થાય છે. જયારે ઉપરોકત ખેડુતોએ આ જમીન વેચવાની તૈયારી દર્શાવતા જમીન ચોખ્ખી, માર્કેટેબલ અને ટાઈટલ કલીયર જુની શરતની હોવાનું કહીને ભાવતાલ નક્કી કર્યા હતા. ફરીયાદીના પત્ની કોમલબેનના નામે દસ્તાવેજ કરવાનું નક્કી કર્યું હતું. જયારે દસ્તાવેજમાં જેમનુ નામ ન હતું. તેવા કલ્પેશ પટેલ, આશિષ પટેલ, દક્ષેશ પટેલ, જૈમીની પટેલ એ કંફરમીંગ પાર્ટી તરીકે સબ રજીસ્ટ્રારમાં કચેરીમાં હાજર રહી સહીઓ કરી હતી.જયારે દસ્તાવેજ કરી આપનાર હંસાબેન પટેલ દસ્તાવેજની તારીખે અમેરીકામાં હતા. જયારે ૬ શખ્સોની ટોળકી જમીન પચાવી પાડવાનું કામ કરે છે. ત્યારે ઉવારસદની જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશીને જમીન પર કબ્જો મેળવી લઈ તે જમીન પર તાર ફેન્સીંગ કરી પોતાના નામનું ગેરકાયદેસર બોર્ડ લગાવી દીધુ હતું. જેથી ખેડુતે ભુ માફિયા સામે અરજી કરતા પોલીસે ૬ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સેક્ટર-૧૨ખાતે ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજ ગાંધીનગરમિત્ર મંડળના કાર્યકર્તા ભાઈઓનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોરોના દરમિયાન જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા તેમના મોક્ષ અર્થે શાંતિ પ્રાર્થના, મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. સમાજના ભાઈઓ જેમણે વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તેમનું બહુમાન કરાયુંહતું આ કાર્યક્રમ સફળ બનાવવા બાબુભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ, નવીનભાઈ પ્રજાપતિ, નંદુભાઈ પ્રજાપતિ, વિષ્ણુભાઈ પ્રજાપતિએભારેજહેમત ઉઠાવી હતી.

# બોરીજ નવા પરામાંથી જુગાર રમતા ૪ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા સર્કિટ હાઉસ પાછળ બોરીજ નવા પરા વિસ્તારમાં સાબરમતિ નદી તરફ જતા કાચા રસ્તા પાસે ભુતીયા બંગલાની આગળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૪ જુગારીઓને પોલીસે પકડી લીધા છે. જયારે એક જુગારી ભાગી જવામાં સફળ રહ્યો હતો. જયારે સેકટર-૨૧ પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૦,૭૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના ડી સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સર્કિટ હાઉસ પાછળ બોરીજ નવા પરા વિસ્તારમાં કેટલાક જુગારીઓ નદી તરફ જવાના માર્ગે જુગાર રમી રહ્યા છે. પોલીસે તાત્કાલીક રેઈડ પાડીને જુગાર રમી રહેલા સેકટર-૨૨ વૃંદાવન સોસાયટી મ.નં.૩૩ ખાતે રહેતા ૩૧ વર્ષિય પુનિત મહેન્દ્રભાઈ સોલંકી, ઈન્દ્રોડા ગામે રહેતા કેતન હેમતુજી વાઘેલા, અચલ ગ્રીન હાઉસ અમદાવાદ ખાતે રહેતા દિપક તુલસીભાઈ પરમાર, બોરીજ નવા પરા ખાતે રહેતા રોનક ડાહ્યાભાઈ ચૌહાણને પકડી પાડ્યા હતા. જયારે એક જુગારી ઈન્દ્ર ખોડપા ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસો જુગારીઓની પકડી પાડી રૂ.૧૦,૭૭૦ નો કુલ મુદ્દામાલ પકડી પાડી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



બાલીકાઓના વ્રત ઉપવાસ શરૂ થઈ ચૂક્યા છે. રંગબેરંગી નવીન વસ્ત્રોમાં સજ્જ બાલીકાઓ મંદિરમાં અવરજવર કરતી નજરે ચઢે છે. શ્રી જલામરામ મંદિરમાં જયા પાર્વતીના વ્રતની પૂજા માટે આવતી બાલીકાઓને તેમજ ચરેડી છાપરાની શ્રમજીવી પરિવારની દીકરીઓને પૂ. બાપાની પ્રસાદીરૂપે ડ્રાયફ્રૂટ્સ, કેળા, ખારેક, જામફળ અને વેફર્સ આપવામાં આવી હતી.

# સેકટર-૧૪માં રહેતા યુવક સાથે કારના નામે ૮૧ હજારની છેતરપિંડી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે રહેતા અને સુથારી કામ કરીને જીવન ગુજારતા યુવક સાથે કારના નામે રૂ.૮૧ હજારની છેતરપિંડી થતા સેકટર-૨૧ પોલીસ મથકે બે શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ઠગે ઓએલએક્સ પર ગાડી વેચાણ માટે મુકીને ગાડીના પૈસા લઈ લીધા હતા. ત્યારબાદ ખરીદનારને ગાડી ટ્રાન્સફર કરી આપી ન હતી. તે ઉપરાંત ગાડીના પૈસા તો પરત આપ્યા ન હતા અને ગાડી પણ પરત લઈ લેતા યુવકે બે શખ્સો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧૪ એમઆઈજી બ્લોક નં. ૧૭-૧૯૫ ખાતે રહેતા દર્શનભાઈ જગદીશભાઈ પંચાલ (ઉં.૪૨) સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ફેબ્રુઆરીમાં ગાડી ખરીદવાની ઈચ્છા હોવાથી કાર લે-વેચનો વેપાર કરતા વ્યકિતઓ સાથે પુછતાછ કરતો હતો. તે સમયે ઓએલએકસ વેબસાઈટ પર ચેક કરતા સેવરોલેટની એન્જોય ગાડી મોડલ-૨૦૧૩ની જી.જે.૫.જે.ડી.-૯૨૯૬ હતોતેવેચાણ માટેમુકી હતી. તે ગાડી પ્રથમ નજરે ગમી જતા નંબર મેળવી ફોન પર દિલિપભાઈ ગોસ્વામી (રહે. રાંધેજા) સાથે વાત કર્યા બાદ ગાડી તેઓના મિત્ર મિતેશભાઈ પાસે છે. જેથી દિલિપભાઈએ મિતેશનો નંબર મોકલી આપ્યો હતો. ત્યારબાદ લીંબોદ્રા ગામ ખાતે જઈને ગાડી જોઈ હતી. ઉવારસદ પેટ્રોલ પંપ પાસે મિતેશભાઈએ દર્શનભાઈને બોલાવ્યા હતા તે સમયે સે.૧૪ ખાતે રહેતા ફેનીલભાઈ નામના વ્યકિત પણ હાજર હતા. ત્યારબાદ ગાડીની ૧.૨૫ લાખ નક્કી થઈ હતી. જેથી દર્શનભાઈને ફેનીલભાઈની હાજરીમાં મિતેશભાઈને રૂ.૫૦ હજાર આપીને ગાડીની ચાવી લીધી હતી. વેચાણ કરારની વાત થતા મિતેશભાઈએ કહ્યું કે ગાડીના માલિક રોહિત અગ્રવાલ છે જેથી દિલિપ ગોસ્વામી તેમને ગાડી તમારા નામે સીધી ટ્રાન્સફર કરી આપશે. ગાડી ખરીદનારના નામે નહી કરી આપીને તેમજ પૈસા પણ પરત આપ્યા ન હતા. જયારે ગાડી સે.૧૭ હનુમાનજી મંદિર પાસેથી ગાડી પણ લઈ ગયા હતા. જેથી દર્શનભાઈએ રાંધેજાના દિલિપભાઈ ગોસ્વામી, લિંમ્બોદરા ગામના મિતેષભાઈની સામે સે૨૧ પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ સાંબરકાંઠા દ્વારા પડતર પ્રશ્નો અંગે રજુઆત

સરકારશ્રીની સુચના અનુસાર શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવા તથા કચેરી કક્ષાના પડતર પ્રશ્નો અંગે આજરોજ માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ જે.ડી.પટેલ, મંત્રી મહેન્દ્રભાઈ પટેલ તથા ઉચ્ચતર માધ્યમિક ગુજરાત પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા મંત્રી પી.જે. મહેતાએ જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે વ્યાસની મુલાકાત લઈ રજૂઆત તથા ચર્ચા વિચારણા કરી.

જેમાં છેલ્લા એક વર્ષમાં ૫૦૦ થી વધુ ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલનો નિકાલ કરવા બદલ કચેરી નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ ઉપરાંત પડતર પ્રશ્નો ઉચ્ચતર પગાર ધોરણની પેન્ડિંગ ફાઈલો, ઓગસ્ટ માસના અંત સુધીમાં કેમ્પ, દર બે માસ બાદ કેમ્પ, લઘુલાયકાતમાં ન આવતા કર્મચારીઓની ફાઈલ અંગે, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાઈબ્રેરીયનની ફાઈલો અને રિવાઈઝ ફાઈલ અંગે, એક વખતે કેમ્પ થયા બાદ રિવાઈઝ કેમ્પ માટે, બાકી સ્ટીકરવાળા કર્મચારીઓ માટે ઝડપથી સ્ટીકરની કાર્યવાહી, નિદાન કસોટી તથા એકમ કસોટીમાં પડતી અગવડતા અંગે, બોર્ડ પરીક્ષાનાં સુપરવિઝન અંગે, પ્રવાસી શિક્ષક તથા તેમના મહેનતાણાની બાબતમાં, ચર્ચા કરવામાં આવી હતી જેમાં વ્યાસે હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો તેમજ ઝડપથી પ્રશ્નો ઉકેલવાની ખાત્રી આપી હતી. તે બદલ સંઘ તેમનો આભાર માને છે.

રાજ્ય કક્ષાના પડતર પ્રશ્નો અંગે તા.૩૧-૭-૨૦૨૧ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા મંત્રણા માટે નહીં બોલાવવામાં આવે તો આગામી રણનીતિ તા. ૧-૮ ૨૦૨૧ ના રોજ નક્કી થશે. જો પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો શૈક્ષિક મહાસંઘ યથાયોગ્ય દરેક કાર્યક્રમ આપશે.

# રાયસણ પ્રમુખ પાર્ક વિભાગ-૨માં ૮૮ હજાર મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૬

રાયસણ પ્રમુખ પાર્ક વિભાગ-૨ માં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. લાકડાના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોનાની બંગડી તેમજ રોકડા મળી કુલ રૂ.૮૮,૦૦૦ ની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

માણસા ગુલાબપુરાના વતની અને ગાંધીનગર રાયસણ પ્રમુખ પાર્ક વિભાગ-૨ ખાતે રહેતા અંકિત વિષ્ણુભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને અમુલ ડેરી ખાતે ટ્રાન્સપોર્ટ વિભાગમાં છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવે છે. ગત તા.૨૩ જુલાઈના રોજ સાંજના સુમારે અંકિત ભાઈ પરિવાર સાથે મકાનને લોક મારીને મોટાભાઈના ઘરે ગયા હતા. ત્યારબાદ તા.૨૪ ના રોજ રાત્રીના પોણા દસ વાગે પ્રમુખ પાર્ક વિભાગ-૨ પરત ફર્યા હતા. ત્યારે રાત્રીના સમયે અંકિતભાઈએ જોયુ તો ઘરના લાકડાના દરવાજાનો નકુચો તુટી ગયેલી હાલતમાં હતો અને ચોરી થઈ હોવાનું લાગતા પતિ-પત્નિ નીચે રૂમ ખાતે જઈને તપાસ કરતા રૂમમાં રહેલી લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં હતી અને ચીજવસ્તુઓ વેરવિખેર હાલતમાં પડયો હતો. જયારે બીજા માળે આવેલા રૂમમાં ચકાસીને જોતા લાકડાની ત્રણ દરવાજાની તિજોરી ખુલ્લી જણાઈ હતી અને સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. જેથી તિજોરીમાં રહેલી બે તોલાની સોનાની બે બંગડી રૂ.૮૦ હજારની તેમજ રોકડા રૂ.૮ હજાર મળી કુલ રૂ.૮૮,૦૦૦ મત્તાની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. ત્યારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## નામ બદલેલ છે

મારું નામ પટેલ અશ્વિનભાઈ પુરુષોત્તમદાસ હતું તે બદલીને પટેલ અશ્વિનકુમાર પુરુષોત્તમદાસ કરેલ છે.

લી.
પટેલ અશ્વિનકુમાર પુરુષોત્તમદાસ
પ્લોટ નં. ૨૮૮/૨,
સેકટર-૨/બી, ગાંધીનગર

## કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ.વિભાગ, મોડાસા,
જાહેર નિવિદા નં. ૦૭/૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ વિભાગ મોડાસા (ફો.નં.૦૨૭૭૪-૨૫૦૦૨૦) ધ્વારા એમ.એમ.જિ.એસ.વાય ૨૦૨૧-૨૨ યોજના અંતર્ગત કાચાથી પાકા રસ્તાના કામો જેની અંદાજીત રકમ રૂ ૨૧૧.૮૭ લાખ થી રૂ. ૨૮૩.૬૩ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમા નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૮/૦૭/૨૦૨૧ થી તા. ૧૧/૦૮/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજરૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૨૨૩/૨૦૨૧